www.chipsairexp.com
CHIPS Express
પરદેશ પાર્સલ સર્વિસ
chipsgnd@gmail.com
અટરીયા-ધ બિઝનેસ હબ, શોપ નં. B-32, 'KH-O', સરગાસણ ૪ રસ્તા, ગાંધીનગર. M. 9227706105

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૬૨ | ૪ ડિસેમ્બર, ૨૦૧૯, બુધવાર; માગસર સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# એસપીજી સુધારા બિલ રાજ્યસભામાં પસાર

## અમિત શાહે કોંગ્રેસના આક્ષેપોનો એક એક કરીને જવાબ આપ્યો : ગાંધી પરિવારની સલામતી દૂર કરાઈ નથી બલ્કે બદલી નાંખવામાં આવી છે કોઇ દ્વેષભાવ નથી : અગાઉ ચાર ફેરફારો પરિવારને ધ્યાનમાં લઇ થયા હતા

નવીદિલ્હી, તા. ૩

લોકસભા બાદ રાજ્યસભામાં પણ સ્પેશિયલ પ્રોટેક્શન ગ્રુપ (એસપીજી) સુધારા બિલને મંજુરી આપી દેવામાં આવી છે. બિલ ઉપર ચર્ચાનો જવાબ આપતા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કોંગ્રેસના આરોપો અને આશંકાઓ સ્પષ્ટપણે ફગાવી દીધી હતી. કોંગ્રેસના એક એક આરોપોના જોરદાર જવાબ આપવામાં આવ્યા હતા. તેમણે કહ્યું હતું કે, એસપીજી સુરક્ષાને લઈને કોંગ્રેસ પાર્ટીએ જિદ્દી વલણ કેમ અપનાવ્યું છે તે બાબત સમજાતી નથી. એસપીજીનો ઉપયોગ સ્ટેટસ સિમ્બોલ માટે થઈ શકે નહીં. શાહે કહ્યું હતું કે, ગાંધી પરિવારની



સુરક્ષા દૂર કરવામાં આવી નથી બલ્કે બદલી નાંખવામાં આવી છે. આ ગાળા દરમિયાન તેમને ભાજપ અને સંઘ કાર્યકરોની રાજકીય હત્યાને લઈને ડાબેરીઓ ઉપર પણ પ્રહારો કર્યા હતા. કોંગ્રેસી સભ્યોના વોકઆઉટ વચ્ચે આજે મંગળવારના દિવસે આ બિલ રાજ્યસભામાં પાસ થઈ ગયું હતું. આનો મતલબ એ થયો કે, હવે એસપીજીની સુરક્ષા માત્ર વડાપ્રધાન અને તેમના નજીકના પરિવારના સભ્યો તથા પૂર્વ વડાપ્રધાનો તેમજ તેમના પરિવારના સભ્યોને મળશે. ગૃહમંત્રીએ કહ્યું હતું કે, બિલને વાંચી લીધા બાદ પણ સભ્યોમાં

● અનુસંધાન પાન-૭ પર

### એસીજી સુરક્ષા માત્ર વડાપ્રધાન માટે છે

**ત્રણ સભ્યોની સુરક્ષામાં પણ એજ જવાનો છે : સલામતી સાથે બાંધછોડ માટેના આરોપો આધારવગરના : અમિત શાહ**

નવીદિલ્હી, તા. ૩

ગાંધી પરિવારની સુરક્ષામાં જે જવાનો તૈનાત કરવામાં આવ્યા છે તે જવાનો કોઈ સમયે એસપીજીમાં રહી ચુક્યા છે તેવો દાવો કરીને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહયું હતું કે, સુરક્ષા સાથે બાંધછોડ કરવાના આક્ષેપ આધારવગરના છે. તેમણે કહ્યું હતું કે, એસપીજીમાં ૩૩ ટકા બીએસએફમાંથી, ૩૩થી ૩૪ ટકા સીઆરપીએફમાંથી, ૧૭ ટકા જેટલા જવાન સીઆઈએસએફમાંથી, નવ ટકાથી વધુ જવાન આઈટીબીટીમાંથી અને એક ટકા જવાનો અન્ય રાજ્યોની પોલીસમાંથી આવે છે. પાંચ વર્ષના ગાળા બાદ તેમને સંગઠનમાં ફરી મોકલી દેવામાં આવે છે. ગાંધી પરિવારની ત્રણ સભ્યોની સુરક્ષામાં એજ જવાનોને મુકવામાં આવ્યા છે જે કોઈ સમયે એસપીજીમાં સામેલ રહી ચુક્યા છે. એસપીજી કવર માત્ર વડાપ્રધાન માટે જ છે અને તેમના માટે જ રહે તે જરૂરી છે. રાજકીય બદલાની ભાવનાથી કોઈ કામ થઈ રહ્યા નથી. તેમણે કહ્યું હતું કે, કોંગ્રેસના સભ્યો ખુબ વધારે ઈમોશનલ થઈ ગયા છે અને એવા આક્ષેપ કરી રહ્યા છે કે, સુરક્ષા સાથે રમત રમાઈ રહી છે. આ દેશમાં માત્ર ગાંધી પરિવારની સુરક્ષા શક્ય નથી.

### પબજી ગેમ પર પ્રતિબંધ મૂકવા સંસદમાં માગ

ન્યુ દિલ્હી,તા.૩

ટીનએજર્સમાં ભારે ક્રેઝ બની ચુકેલી પબજી ગેમ પર પ્રતિબંધ મુકવાની માંગણી સંસદમાં ગૂંજી ઉઠી હતી. આજે સંસદમાં કાર્યવાહી દરમિયાન કોંગ્રેસના કન્યાકુમારી સાંસદ એચ વસંત કુમારે આ માંગણી કરી હતી.

# હવે ટ્રેનના જનરલ કોચમાં રીઝર્વ સીટ રહેશે

**રેલવે દ્વારા નવી શરૂઆત : આપની સીટના નંબર આપના ફોટો સાથે આપના વોટ્સએપ પર હશે : પ્લેટફોર્મ પર લાંબી લાઇનની તકલીફથી મુક્તિ મળશે**

નવી દિલ્હી, તા. ૩

રેલવેના જનરલ કોચમાં મુસાફરી કરનાર રેલવે યાત્રીઓ માટે ખુબ સારા સમાચાર અને રાહતની બાબત થઈ ગઈ છે. કારણ કે જનરલ કોચમાં પણ હવે યાત્રીઓને કન્ફર્મ ટિકિટ મળી જશે. રેલવે દ્વારા નવી નવી સુવિધાઓ યાત્રીઓ માટે કરવાની શરૂઆત કરી દીધી છે. જેના ભાગરૂપે હવે આ નવી શરૂઆત કરવામાં આવી છે. જે હેઠળ આપની સીટના નંબર હવે આપના ફોટોની સાથે આપના વોટસ એપ પર આવી જશે. આના કારણે પ્લેટફોર્મ પર લાંબી લાઈનની સમસ્યાથી મુક્તિ મળી જશે. સાથે સાથે અન્ય કેટલીક તકલીફમાંથી પણ મુક્તિ મળી જસે. સીટને લઈને કોઈ ખોટી બાબત બનવાની પણ શંકા રહેશે નહીં. આ યોજનાને હવે સમગ્ર દેશમાં લાગુ કરવામાં આવનાર છે. હકીકતમાં પૂર્વ મધ્ય રેલવેના દાનાપુર મંડળે પાયલોટ પ્રોજેક્ટ તરીકે પૂર્વ એટલે કે પાસ ફોર અનરિઝર્વ બોર્ડ નામની એક યોજના શરૂ કરી છે. આ યોજના હેઠળ જનરલ કોચ અથવા તો ડબ્બામાં બિન રિઝર્વ સીટ પર આપને કન્ફર્મ સીટ મળી શકશે. અન રિઝર્વ ટિકિટ આપતી વેળા જ યાત્રીઓને બોર્ડિંગ પાસની સુવિધા આપવામાં આવનાર છે. જ્યારે તમે ટ્રેન માટે રેલવે કાઉન્ટર પર ટિકિટ લેશો ત્યારે એક પુરબ

● અનુસંધાન પાન-૭ પર

### પાક.ના પૂર્વ રાષ્ટ્રપતિ પરવેઝ મુશર્રફની તબિયત લથડી

દુબઈ,તા.૩

પાકિસ્તાનના ભૂતપુર્વ રાષ્ટ્રપતિ જનરલ પરવેઝ મુશર્રફની તબિયત બગડતા દુબઈની એક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. મુશર્રફ હૃદય અને બ્લડ પ્રેશર સંબંધિત બિમારીનો સામનો કરી રહ્યા છે.

## ન્યુઝ ટ્રેક

**ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પેલેસ નજીક ગ્રેનેડ બ્લાસ્ટ**

ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પેલેસ નજીક બગીચામાં એક ગ્રેનેડ બ્લાસ્ટ થયો છે જેમાં બે મિલિટરી જવાન ઈજાગ્રસ્ત થયા હોવાની માહિતી પ્રાપ્ત થઈ છે. મંગળવારે રાષ્ટ્રપતિ પેલેસ બહાર સ્મોગ ગ્રેનેડ હુમલો કરાયો હોવાની આશંકા છે. બ્લાસ્ટ વખતે રાષ્ટ્રપતિ જોકો વિડો પેલેસમાં હાજર ન હતા.

**શેરબજાર અંતિમ સેશનમાં ગગડ્યું**


સપ્તાહના બીજા ટ્રેડિંગ દિવસે ભારતીય બજાર અંતિમ સેશનમાં ગગડીને સેટલ થયા છે. સેન્સેકસ ૧૨૬.૭૨ અંક ઘટીને ૪૦,૬૭૫.૪૫ પર જ્યારે નિફ્ટી ૫૦ સૂચકાંક ૫૪ પોઈન્ટ અથવા ૦.૪૫ ટકાના ઘટાડા સાથે ૧૧,૯૯૪.૨૦ બંધ આવ્યા છે.

# ચેન્નાઈના એન્જિનિયરે શોધી કાઢ્યું ક્રેશ વિક્રમ લેન્ડર

**ચંદ્રની સપાટી પર ચંદ્રયાન-૨ના વિક્રમ લેન્ડરનો કાટમાળ શોધી કાઢ્યો : ક્રેશ સાઇટથી ૭૫૦ મીટર દૂર મળ્યા ૩ ટુકડા : નાસાએ ફોટો જારી કરી પુરતી માહિતી આપી : નાસાએ પોતાના ઓર્બિટર મારફતે લેવામાં આવેલા ફોટા જારી કર્યા છે જેમાં વિક્રમથી પ્રભાવિત જગ્યા જોઇ શકાય**

બેંગલોર,તા. ૩

ચન્દ્રની સપાટી પર આ વર્ષે સપ્ટેમ્બરમાં દુર્ઘટનાગ્રસ્ત થયેલા ચન્દ્રયાન-૨ના વિક્રમ લેન્ડરના કાટમાળને અમેરિકાની અંતરિક્ષ સંસ્થા નાસાએ શોધી કાઢવામાં સફળતા મેળવી છે. ચન્દ્રની સપાટી પર ચન્દ્રયાન-૨ના વિક્રમ લેન્ડરના કાટમાળના ફોટો જારી કર્યા છે. નાસા દ્વારા એવા ફોટો જારી કરવામાં આવ્યા છે જે જગ્યા વિક્રમ લેન્ડરના કારણે અસરગ્રસ્ત થઈ હતી. નાસા દ્વારા એક નિવેદન જારી કરીને કહેવામાં આવ્યુ છે કે ચન્દ્રની સપાટી પર વિક્રમ લેન્ડરનો કાટમાળ મળી ગયો છે. ફોટોમાં બ્લુ અને ગ્રીન ડોટ્સના માધ્યમથી વિક્રમ લેન્ડરના કાટમાળના વિસ્તારનો ફોટો જારી કરી દીધો છે. નાસાએ પોતાના નિવેદનમાં કહ્યુ છે કે તેના દ્વારા ૨૬મી સપ્ટેમ્બરના દિવસે ક્રેશ સાઈટના સ્થળનો એક ફોટો જારી કર્યો હતો.




ત્યારબાદ લોકોને વિક્રમ લેન્ડરના સંકેતોને શોધી કાઢવા માટે બોલાવવામાં આવ્યા હતા. ત્યારબાદ શનમુગા સુબ્રમણ્યમ નામની એક વ્યક્તિએ કાટમાળની હકારાત્મક ઓળખની સાથે સાથે એલઆરઓ યોજનાનો સંપર્ક કર્યો હતો. શાનમુગાએ મુખ્ય ક્રેશ સાઈટના ઉત્તરપશ્ચિમમાં આશરે ૭૫૦ મીટરના અંતરે સ્થિત કાટમાળની ઓળખ કરી લીધી છે. આ પહેલા મોજેકમાં એક એકલ

● અનુસંધાન પાન-૭ પર

### નાસાએ શાનમુગાના સહકાર બદલ આભાર માન્યો અને પ્રશંસા કરી

ચેન્નાઇ,તા. ૩

અમેરિકી સ્પેસ રિસર્ચ એજન્સી (નાસા)એ ચન્દ્રના સાઉથ પોલના ફોટા જારી કર્યા હતા. ચેન્નાઇના એન્જિનિયર શાનમુગા સુબ્રમણ્યમ દ્વારા ત્યારબાદ આ ફોટાઓને લઈને ખુબ મહેનત કરવામાં આવી હતી. આખરે તે દુર્ઘટનાગ્રસ્ત થયેલા ચન્દ્રયાન-૨ના વિક્રમ લેન્ડરના કાટમાળની જગ્યાને શોધ લેવામાં સફળ રહ્યો હતો. માહિતી પાકી રીતે મેળવી લીધા બાદ શાનમુગાએ નાસાના વૈજ્ઞાનિકોને આ સંબંધમાં જાણ કરી હતી. ત્યારબાદ નાસાએ હવે આને સમર્થન આપ્યુ છે. સાથે સાથે નાસાએ શાનમુગાના સહકાર માટે તેમનો આભાર આન્યો છે અને પ્રશંસા પણ કરી છે. નાસાએ પ્રશંસા તેની કરતા ભારતમાં એન્જિનિયરની ચર્ચા છે. શાનમુગા ઉર્ફે શાન મેકેનિકલ એન્જિનિયર અને કોમ્પ્યુટર પ્રોગ્રામર તરીકે છે. હાલમાં તે ચેન્નાઈમાં લેનોક્સ ઈન્ડિયા ટેકનોલોજી સેન્ટરમાં આર્કિટેક્ટ તરીકે કામ કરે છે. સાતમી સપ્ટેમ્બર ૨૦૧૯ના દિવસે વિક્રમે ઉતરાણ કરતી વેળા ચન્દ્ર પર હાર્ડ લેન્ડિંગ કરતા દુર્ઘટના સર્જાઇ હતી. જેના કારણે ઈસરોને નિરાશા હાથ લાગી હતી.

### ભારતની સીમામાં ઘૂસેલા ચીનના જહાજને નૌસેનાએ ખદેડ્યું



ચેન્નાઇ,તા.૩

ભારતીય નેવીએ મંગળવારે પોર્ટ બ્લેયર પાસે રિસર્ચ માટે જોવા મળેલી એક શંકાસ્પદ ચીની શીપનો પીછો કરેની તેને ભારતીય સમુદ્ર સરહદની બહાર ભગાડ્યાં હતા. નૌસેના પ્રમુખ એડમિરલ કરમબીર સિંહે દિલ્હીમાં એક પત્રકાર પરિષદમાં કહ્યું કે ચીનનું જહાજ શી યાન ૧એ મંજૂરી વગર ભારતીય ક્ષેત્રમાં પ્રવેશ કરતાં પાછું મોકલ્યું હતું. ઈન્ડિયન નેવીના એન્ટી પાયરેસી મિશનની સફળતા અંગે તેમણે કહ્યું કે આ મિશનમાં ૧૨૦ સમુદ્રી લૂટેરાઓને પકડ્યા અને પાઈરેસીના ૪૪ કેસ સામે આવ્યા.

ચીનના જહાજ શી યાન ૧ને ભારત દ્વારા પાછું મોકલવાના પ્રશ્નનો પણ નૌસેના પ્રમુખે જવાબ આપ્યો. તેમણે કહ્યું કે શી યાન ૧ને ભારતીય ક્ષેત્રમાં આવતા પાણીથી પાછું મોકલી દીધું છે.

# ઝારખંડમાં નક્સલવાદીઓની ભાજપે કમર તોડી નાંખી : મોદી

ખૂંટી,તા.૩

ઝારખંડ વિધાનસભાની ચૂંટણીના બીજા રાઉન્ડ પહેલા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આજે મંગળવારે બે સ્થળે ચૂંટણી જાહેરસભાઓને સંબોધી હતી. ખૂંટી ખાતે આયોજીત સભામાં તેમણે કેન્દ્ર સરકારની અનેક ઉપલબ્ધિઓ ઉપર પ્રકાશ પાડ્યો હતો. વડા પ્રધાને ઝારખંડમાં ભાજપની સરકારે પાંચ વર્ષમાં નકસલવાદીઓની કમર તોડી નાખી હોવાનો દાવો કરીને કહ્યું હતું કે ઝારખંડના લોકોનું માનવું છે કે માત્ર ભાજપ જ રાજ્યનો વિકાસ કરી શકે છે.

કોંગ્રેસને નિશાન બનાવીને તેમણે જણાવ્યું કે કોંગ્રેસ છત્તીસગઢમાં જૂઠ બોલીને સત્તા પર આવી હતી, કોંગ્રેસ પોતાના વચનો પૂરા કવાને બદલે કપટ અને સ્વાર્થનું રાજકારણ રમ્યું હતું. અમે ખેડૂતોને સન્માન ભંડોળમાંથી આર્થિક મદદ પૂરી પાડવાનું કામ કર્યું છે.

વડાપ્રધાને જમ્મુ-કાશ્મીરના ઉપરાજ્યપાલ જીસી મુર્મુના નામનો ઉલ્લેખ કરીને કાશ્મીરના મુદ્દાને આદિવાસી રાજ્ય ઝારખંડની સાથે જોડવાનો પ્રયાસ કર્યો હતો. ઉપરાજ્યપાલ જવાબદારી આદિવાસી વિસ્તારમાં ઉછરેલા ઉપરાજ્યપાલના ખભા પર છે. મુર્મુ ૧૯૮૫ બેચના ગુજરાત કેડરના આઈએએસ અધિકારી છે. ઓડિશાના આદિવાસી પ્રભુત્વ ધરાવતા વિસ્તારમાં



મુર્મુ આદિવાસી સમાજના છે. તેને સાંકળીને મોદીએ કહ્યું કે જમ્મુ-કાશ્મીરમાં કલમ ૩૭૦ હવે હટાવી દેવામાં આવી છે. હવે કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ-કાશ્મીરને આગળ વધારવાની જન્મેલા મુર્મુને મોદી સરકાર દ્વારા જમ્મુ-કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નરની જવાબદારી સોંપવામાં આવી છે, જેની જવાબદારી રાજ્યના વિકાસ માટે છે.

● અનુસંધાન પાન-૭ પર

### પુંચમાં અંકુશરેખા પર ફરી પાકનો ગોળીબાર

જમ્મુ, તા. ૩

જમ્મુ કાશ્મીરના પુંચ જિલ્લાના અંકુશ રેખા પર અગ્રિમ ચોકીઓ અને નાગરિક વિસ્તારોને ટાર્ગેટ બનાવીને પાકિસ્તાની સેના દ્વારા કરવામાં આવેલા ગોળીબારમાં એક મહિલાનું મોત થયું છે અને અન્ય આઠ લોકો ઘાયલ થયા છે. પાકિસ્તાની સેનાએ યુદ્ધવિરામનો ભંગ કરીને તોપમારાની સાથે સાથે જોરદાર ગોળીબાર કર્યો હતો. સંરક્ષણ પ્રવક્તાએ માહિતી આપતા કહ્યું છે કે, શાહપુર અને કિરની સેક્ટરમાં સરહદ પરથી પાકિસ્તાન વતી ગોળીબાર અને તોપમારો કરવામાં આવ્યો હતો. જો કે, ભારતે પણ જડબાતોડ જવાબ આપ્યો હતો. બંને દેશોના જવાનો વચ્ચે કલાકો સુધી સામ સામે ગોળીબારની રમઝટ જામી હતી.

### રાજીવ ધવનને અયોધ્યા કેસમાંથી જમિયતે હટાવ્યા

ન્યુ દિલ્હી,તા.૩

સિનિયર ધારાશાસ્ત્રી રાજીવ ધવનને અયોધ્યા કેસમાંથી જમિયતે હટાવી દીધા હતા. ધવને ફેસબુક પર પોતાના એકાઉન્ટમાં આ અંગે આઘાત અને દુઃખ વ્યક્ત કર્યા હતા.

અત્રે એ યાદ રહે કે જન્મે અને કર્મે હિન્દુ હોવા છતાં ધવને પૂરેપૂરિ પ્રમાણિકતાથી મુસ્લિમ પક્ષ વતી સુપ્રીમ કોર્ટમાં ૪૦ દિવસ સુધી સતત રોજ ચાલેલી સુનાવણીમાં બેમિસાલ કામગીરી કરી હતી.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

આઠમી વાર્ષિક પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલિ



સ્વ.શ્રી લક્ષ્મણસિંહજી પી. ડાભી (પૂર્વ નગરપતિ : પેથાપુર )
સ્વ.તિથી: માગશર સુદ-૮ વિક્રમ સવંત-૨૦૬૮ (તા.૦૨/૧૨/૨૦૧૧)
મરણ કરતા સ્મરણ બળવાન છે, આપની સ્મૃતિ એક વરદાન છે.
આપના ચિંધેલા રાહ પર અમે અડગ પણે ચાલતા રહીશું,
આપના આત્માને શાંતિ મળે તેવી પ્રભુને પ્રાથના કરતાં રહીશું.
સૂર્યસિંહજી ડાભી (એડવોકેટ)
પ્રમુખ - ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ
ગં.સ્વ.સરલાબા ડાભી, ગં.સ્વ.કૈલાસબા રાણા, પારૂલબા ડાભી
સ્વ.એકતાબા દેવડા, સ્વ.ચંદ્રસિંહજી ડાભી, હીનાબા ડાભી
હેતલસિંહ દેવડા, પૃથ્વીસિંહજી ડાભી, વિજયસિંહ રાણા
વિધીબા દેવડા, જયદેવસિંહ ડાભી, અનિરૂધ્ધસિંહ રાણા
અંજલીબા, કાલિંદીબા, મેઘાબા, ધૈર્યદેવસિંહ, કુશલસિંહ દેવડા

R K VACATIONS PVT. LTD.
ગોવા 3N- 4D ₹13999
થાઈલેન્ડ 5N- 6D ₹27999
દુબઈ 5N- 6D ₹59999
સિંગાપોર મલેશિયા થાઈલેન્ડ 7N- 8D ₹74999
એર ટીકીટ,હોટલ સ્ટે, બ્રેકફાસ્ટ, ડિનર, એરપોર્ટ ટ્રાન્સફર, સાઈટ સીઈંગ
+91 79 61 61 35 35
+91 79 40 40 35 35